RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૮૪,૫૮૬,૫૮૭, તા.૨૫–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા
સામાવાળાઃ– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા. ૦૫–૧૨–૧૧ની અરજીથી આઈ ડી નં.૧૨૮૨, ૧૨૮૦ અને ૧૨૮૪ પ્રશ્ન અનુક્રમે ૧ મુદ્દા નં. (૧)પાલીયા મહોલ્લો, ઘર નં.૧/૯૬૨ અને ૧/૯૬૬ ની વચ્ચે, હિલસ નર્સરીવાળી ગલી, નાનપુરામાં નવુ બાંધવામાં આવી રહેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામા આવી છે ? રે.સર્વે નં. પ્લોટ નં. આપવો? પ્રશ્ન નં.૨ મુદ્દા નં.(૧) શિવમ અને સત્યમ એપાર્ટમેન્ટ, પાલીયા મહોલ્લો, ઘર નં.૧/૯૬૨ અને ૧/૯૬૬ની સામે, હિલસ નર્સરીવાળી ગલી, હીરા માણેક સ્ટ્રીટની સામેની ગલી, રત્નદીપ એપાર્ટમેન્ટ સામે, નાનપુરામાં નવુ બાંધવામા આવેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામા આવી છે ? રે.સર્વે નં., પ્લોટ નં. આપવો ? પ્રશ્ન નં. ૩ મુદ્દા નં.(૧)હીરામાણેક સ્ટ્રીટ મેઈનરોડને લાગીને અને એન.બ્રધર્સનીબાજુમાં, હિલસ નર્સરીની સામે,નાનપુરા મેઈન રોડમાં નવુ બાંધવામાં આવી રહેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામા આવી છે ? રે.સર્વે નં., પ્લોટ નં. આપવો ? પ્રશ્ન નં. ૪ મુદ્દા નં.(૧) હીરામાણેક સ્ટ્રીટમાં, ૧/૪૨૩ નંબરના મકાનની બાજુમાં, રત્નદીપ એપાર્ટ.ની બાજુની ગલી, હિલસ નર્સરીની સામે, નાનપુરા, મેઈન રોડમાં નવુ બાંધવામાં આવી રહેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામા આવીછે ? રે.સર્વે નં., પ્લોટ નં. આપવો ? તથા આઈ ડી નં.૧૨૮૦ (૧) કલ્પર રેસી. નવજીવન એપાર્ટ., અને વોર્ડ ન.ર સર્વે નં.ર૯૩ નવજીવનની સામે કૈલાશનગર ના ત્રણ સ્થળોના બાંધકામ બાબતે. આઈ ડી નં.૧૨૮૪ માં મુદ્દા નં.(૧) એ.એમ.આર. કોમ્પલેક્ષ સ્ટેશન રોડ, ૨/૧૪૧૯ ની બાજુમાં જીવન કોમ્પ. પાર્કીગની બાજુમાં હનુમાન શેરી ચામુંડા રેસ્ટોરન્ટ નજીક હનુમાનશેરી ના ત્રણ સ્થળોના બાંધકામ બાબતેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૫–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૮૪,૫૮૬,૫૮૭ /૨૦૧૧–૧૨

શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા. ૦૫–૧૨–૧૧ની અરજીથી આઈ ડી નં.૧૨૮૨, ૧૨૮૦ અને ૧૨૮૪ પ્રશ્ન અનુક્રમે ૧ મુદ્દા નં. (૧)પાલીયા મહોલ્લો, ઘર નં.૧/૯૬૨ અને ૧/૯૬૬ ની વચ્ચે, હિલસ નર્સરીવાળી ગલી, નાનપુરામાં નવુ બાંધવામાં આવી રહેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામા આવી છે ? રે.સર્વે નં., પ્લોટ નં. આપવો ? પ્રશ્ન નં.૨ મુદ્દા નં.(૧) શિવમ અને સત્યમ એપાર્ટમેન્ટ, પાલીયા મહોલ્લો, ઘર નં.૧/૯૬૨ અને ૧/૯૬૬ની સામે, હિલસ નર્સરીવાળી ગલી, હીરા માણેક સ્ટ્રીટની સામેની ગલી, રત્નદીપ એપાર્ટમેન્ટ સામે, નાનપુરામાં નવુ બાંધવામા આવેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામા આવી છે ? રે.સર્વે નં., પ્લોટ નં. આપવો ? પ્રશ્ન નં. ૩ મુદ્દા નં.(૧)હીરામાણેક સ્ટ્રીટ મેઈનરોડને લાગીને અને એન.બ્રધર્સનીબાજુમાં, હિલસ નર્સરીની સામે,નાનપુરા મેઈન રોડમાં નવુ બાંધવામાં આવી રહેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામા આવી છે ? રે.સર્વે નં., પ્લોટ નં. આપવો ? પ્રશ્ન નં. ૪ મુદ્દા નં.(૧) હીરામાણેક સ્ટ્રીટમાં, ૧/૪૨૩ નંબરના મકાનની બાજુમાં, રત્નદીપ એપાર્ટ.ની બાજુની ગલી, હિલસ નર્સરીની સામે, નાનપુરા, મેઈન રોડમાં નવુ બાંધવામાં આવી રહેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામા આવીછે ? રે.સર્વે નં., પ્લોટ નં. આપવો ? તથા આઈ ડી નં.૧૨૮૦ (૧) કલ્પર રેસી. નવજીવન એપાર્ટ., અને વોર્ડ ન.ર સર્વે નં.ર૯૩ નવજીવનની સામે કૈલાશનગર ના ત્રણ સ્થળોના બાંધકામ બાબતે. આઈ ડી નં.૧૨૮૪ માં મુદ્દા નં.(૧) એ.એમ.આર. કોમ્પલેક્ષ સ્ટેશન રોડ, ૨/૧૪૧૯ ની બાજુમાં જીવન કોમ્પ. પાર્કીગની બાજુમાં હનુમાન શેરી ચામુંડા રેસ્ટોરન્ટ નજીક હનુમાનશેરી ના ત્રણ સ્થળોના બાંધકામ બાબતેની માહિતી

આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સેઝોન/આરટીઆઈ/આ. નં./૧૯૫૨ તા. ૭–૧–૧૨થી તથા સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૬૫ તા.૧૦–૧–૧૨ થી તથા નહીં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૫–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારની તા.૫–૧૨–૧૧ ની અરજીઓથી બાંધકામને લગતા સરખા વિષય વસ્તુને લગતી હોઈ ત્રણેય અરજીઓનું જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા/ ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા ફી ભરવા જણાવતો પત્ર નમૂના–ખ નિયમ–૩ મુજબનો ન હોઈ, કઈ બાબતની કેટલી નકલ છે તે સ્પષ્ટ કરવા અનુક્રમે અપીલ નં.૫૮૪ અંગે પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૫૩ તા.૩–૨–૧૨, અપીલ નં.૫૮૬ અંગે પત્ર નં.આરટીઆઈ સેલ /૧૬૬૧ તા.૪–૨–૧૨ તથા અપીલ નં.૫૮૭ અંગે પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૬૨ તા.૪–૨–૧૨ થી** ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને બાંધકામ સ્થળે પ્રદર્શિત ડીસ્પ્લે બોર્ડ, મનપાની વેબસાઈટ કે મહાનગરપાલિકાના સીવીક સેન્ટર કે ઝોન કચેરી ખાતેથી ઉપલબ્ધ ટી.પી. પ્રોગ્રામ હેઠળ સ્થળ, સ્થિતિ સ્પષ્ટ કરી જાહેર માહિતી અધિકારીને જણાવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા તથા નમૂના–'ક'ની અપીલમાં તા. ૧૨–૧૧–૧૧જણાવી, ફી રસીદમાં તા. ૫–૧૨–૧૧ રજૂ કરી અને નમૂના–'ક'ની તા. ૧–૧૨–૧૧/ તા.૨૩–૧૧–૧૧ ની નકલ રજૂ કરેલ છે તે પૈકી અપીલ કયા માટે છે તે નકલ સહ સ્પષ્ટ કરવા સાથે તેમને મળેલ પ્રત્યુત્તર સામે મુદ્દાવાર નારાજગીની વિગતો આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અપીલ નં.૫૮૪ માં જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૩૭૭ તા.૧૬–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૪૯ તા.૭–૧–૧૨ ના પત્રની નકલ, મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જયારે. અપીલ નં.૫૮૬ તથા ૫૮૭ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી ત્રણેય અપીલોમાં ૧ થી ૫ ના મુદ્દાના સરખા વિગતવાળા તા.૧૦–૨–૧૨ ના પત્રની નકલ મળેલ છે.

અરજદારની તા.૫–૧૨–૧૧ ની આઈ ડી નં.૧૨૮૨,૧૨૮૦ અને ૧૨૮૪ સામે અરજદારે ૧૨૮૨ તથા ૧૨૮૪ માં કોઈ જવાબ મળ્યો નથી જયારે ૧૨૮૦ માં ૨/૨ અને ૨/૩ નો જવાબ આપવામાં આવેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. વધુમાં (પોસ્ટ ઓફિસ, ફાયર , એમ્બ્યુલન્સ, ટેલીફોન,આરટીઓ એવી ઘણી અન્ય સરકારી સેવા જે એડ્રેસનાં આધારે ચાલે છે તે એડ્રેસને અમારા ધ્વારા થઈ શકે એટલું સહેલાઈ થી મળી શકે એ રીતે આપવામાં આવ્યું છતાં પણ અમને દિવસો વીત્યા બાદ વાડી તોડીને અમને સવાલ કરવામાં આવ્યો) શું દર્શાવેલી દરેક સરકારી સંસ્થાઓમાં દરેક જગ્યાએ શું ટી.પી. નંબર સર્વે નંબર, સીટ નંબર લીધા બાદ જ કાર્ય કરવામાં આવે છે. શું આરટી.આઈ –૨૦૦૫ મુજબ એવી કોઈ ચોકકસ વ્યાખ્યા કરવામાં આવી છે કે અધિકારી ધ્વારા જે જવાબ આપવામાં આવ્યો છે. જો આ અધિકારીઓ ને સ્થળ ન મળતુ હોય તો અમે જાતે તમારી સાથે આવીને સ્થળ બતાવવા તૈયાર છીએ જેથી અમોને જવાબ મળવા પાત્ર છે. તેવું જણાવી અરજદારે તા.૨૫–૧–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે.

અરજદારની આઈ ડી નં.૧૨૮૨ તા.૫–૧૨–૧૧ થી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકાને સંબોધતી અરજી સેન્ટ્રલઝોનને ખાતે કરવામાં આવેલ.જેમાં જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૫૨ તા.૭–૧–૧૨ થી નિયત સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ છે. વિભાગ–૧ મુદ્દા નં.(૧) પાલીયા મહોલ્લો, ઘર નં.૧/૯૬૨ અને ૧/૯૬૬ ની વચ્ચે, હિલસ નર્સરીવાળી ગલી, નાનપુરામાં નવુ બાંધવામાં આવી રહેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામા આવી છે?રે.સર્વે નં., પ્લોટ નં. આપવો ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મિલ્કત નં.૧/૯૬૫ વાળી મિલ્કતે સેન્ટ્રલઝોન તરફથી વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૨ આ બાંધકામ ને કોમર્શીયલ અથવા તો રેસીડેન્સીયલ પરમીશન આપેલ છે? રેસીડેન્સીયલ કે કોમર્શીયલ બંને ભેગી હોય તો કોમર્શીયલ કેટલી દુકાન (કેટલા માળ) તથા કેટલા માળ રેસીડેન્સીયલ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતે રહેઠાણ તરીકેની વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ બંગલા,ફલેટ કે દુકાનની ટોટલ સંખ્યા કેટલી છે? કયા માળ પર કેટલી દુકાન, કેટલા ફલેટ, ટોટલ કેટલા માળ બાંધવાની પરમીશન આપવામાં આવેલી છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દરેક માળ પર બે એવા કુલ ચાર માળની ૮ ફલેટ બનાવવા અંગેની વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા .નં.૪ પ્લાન કયારે પાસ કર્યો છે? કઈ તારીખે? કયા અધિકારી ધ્વારા કરાયો? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતનો પ્લાન સે.ઝોન/આ.નં.૧૨૩ તા.૨૩–૮–૧૦ થી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રોલઝોન ધ્વારા વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૫

પ્રગતિ ફોર્મમાં કરેલી વિઝિટનો રેકર્ડ ફોર્મ ની રેકર્ડ કોપી આપવી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ રેકર્ડ પર મળી આવેલ નથી. મુદ્દા નં.૬બી.યુ.સી. આપવામાં આવ્યું છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ રેકર્ડ પર મળી આવેલ નથી. મુદ્દા નં.૭ સ્લેબનો લેબ ટેસ્ટ કરાવવામાં આવ્યો છે? કઈ લેબોરેટરીમાં? અને રીપોર્ટ શું આવ્યો? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ આધારીત માહિતી આપવાની રહે છે. અભિપ્રાય કે કારણ આપવાના હોતા નથી. મુદ્દાનં.૮ માલિકી અલગ અલગ વ્યકિતની છે કે એક જ વ્યકિતની છે? દરેક માલિકના નામ અને સરનામા આપવા? ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતના મિલ્કતદારનું નામ દાદીબા રૂસ્તમજી ભાઠેના છે જેમનું –૧/૯૬૫ પાલીયા સ્ટ્રીટ નાનપુરા છે. તેવું જણાવેલ છે. મુદ્દાનં.૯ સદર બાંધકામ કાયદેસર બંધાયેલ છે? એવો રિપોર્ટ કરનાર અધિકારીના નામ સરનામાં અને પોસ્ટ જણાવવું? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ રેકર્ડ પર મળી આવેલ નથી.મુદ્દાનં.૧૦ આગળ પાછળ માર્જીન જગ્યા શા માટે છોડવામાં નથી આવી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ આધારીત માહિતી આપવાની રહે છે. અભિપ્રાય કે કારણ આપવાના હોતા નથી.

વિભાગ–૨(૧) શિવમ અને સત્યમ એપાર્ટમેન્ટ, પાલીયા મહોલ્લો, ઘર નં.૧/૯૬૨ અને ૧/૯૬૬ની સામે, હિલસ નર્સરીવાળી ગલી, હીરા માણેક સ્ટ્રીટની સામેની ગલી, રત્નદીપ એપાર્ટમેન્ટ સામે, નાનપુરામાં નવુ બાંધવામા આવેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામા આવી છે ? રે.સર્વે નં., પ્લોટ નં. આપવો ? તથા વિભાગ–૩ નો મુદ્દા નં.(૧) હીરામાણેક સ્ટ્રીટ મેઈનરોડને લાગીને અને એન. બ્રધર્સની બાજુમાં, હિલસ નર્સરીની સામે,નાનપુરા મેઈન રોડમાં નવુ બાંધવામાં આવી રહેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામા આવી છે ? રે.સર્વે નં., પ્લોટ નં. આપવો ? તથા વિભાગ–૪ ના મુદ્દા નં.(૧) હીરામાણેક સ્ટ્રીટમાં ૧/૪૨૩ નંબરના મકાનની બાજુમાં રત્નદીપ એપાર્ટ. ની બાજુની ગલી હિલ્સ નર્સરીની સામે, નાનપુરા, મેઈન રોડ માં નવું બાંધવામાં આવી રહેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામાં આવી છે? રે. સર્વે નંબર અને વોર્ડ નંબર જણાવવા વિનંતી. (૨) આ બાંધકામ ને કોમર્શીયલ અથવા તો રેસીડેન્સીયલ પરમીશન આપેલ છે? રેસીડેન્સીયલ કે કોમર્શીયલ બંને ભેગી હોય તો કોમર્શીયલ કેટલી દુકાન (કેટલા માળ) તથા કેટલા માળ રેસીડેન્સીયલ છે? મુદ્દાનં.૩ બંગલા,ફલેટ કે દુકાનની ટોટલ સંખ્યા કેટલી છે? કયા માળ પર કેટલી દુકાન, કેટલા ફલેટ, ટોટલ કેટલા માળ બાંધવાની પરમિશન આપવામાં આવેલી છે? મુદ્દા .નં.૪ પ્લાન કયારે પાસ કર્યો છે? કઈ તારીખે? કયા અધિકારી ધ્વારા કરાયો? મુદ્દા નં.૫ પ્રગતિ ફોર્મમાં કરેલી વિઝિટનો રેકર્ડ ફોર્મ ની રેકર્ડ કોપી આપવી? મુદ્દા નં.૬બી.યુ.સી. આપવામાં આવ્યું છે? મુદ્દા નં.૭ માલિકી અલગ અલગ વ્યકિતની છે કે એક જ વ્યકિતની છે? દરેક માલિકના નામ અને સરનામા આપવા?મુદ્દાનં.૮ સદર બાંધકામ કાયદેસર બંધાયેલ છે? એવો રિપોર્ટ કરનાર અધિકારીના નામ સરનામાં અને પોસ્ટ જણાવવું?મુદ્દા નં.૯ આગળ પાછળ માર્જીન જગ્યા શા માટે છોડવામાં નથી આવી? મુદ્દા નં.૧૦ હાલમાં તૈયાર થતું આ બાંધકામ અગાઉ કેટલા માળનું અને કયા હેતુવાળુ હતુ તેની માહિતી આપવી. ઉપરોકત ત્રણેય સ્થળોના મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી બાબતે સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપવાની રહેતી નથી ચોકકસ મિલ્કત નંબર જણાવ્યેથી માંગ્યા મુજબની માહિતી આપી શકાય તેવું જણાવેલ છે આમ અરજદારને આઈ ડી નં.૧૨૮૨ તા.૫–૧૨–૧૧ ની વિભાગ ૧ થી ૪ ની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ છે.

અપીલ નં.૫૮૬ અરજદારની તા.૫–૧૨–૧૧ ની આઈ ડી નં.૧૨૮૦ ની અરજીથી કૈલાશનગર વિસ્તારના કલ્પ રેસી. નવજીવન એપાર્ટ તથા તેની બાજુમાં આવેલ ત્રણ સ્થળોના બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકાને સંબોધતી અરજી સેન્ટ્રલઝોનને ખાતે કરવામાં આવેલ. પ્રશ્ન નં.૧ મુદ્દા નં. (૧)કલ્પ રેસિડન્સી, કૈલાશનગર, શાન્તી ડાઈંગ મીલની સામે, નવુ બાંધવામાં આવેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? રે.સર્વે નં., પ્લોટ નં.આપવો ?(૨) આ બાંધકામ ને કોમર્શીયલ અથવા તો રેસીડેન્સીયલ પરમીશન આપેલ છે? રેસીડેન્સીયલ કે કોમર્શીયલ બંને ભેગી હોય તો કોમર્શીયલ કેટલી દુકાન (કેટલા માળ) તથા કેટલા માળ રેસીડેન્સીયલ છે? મુદ્દાનં.૩ બંગલા,ફલેટ કે દુકાનની ટોટલ સંખ્યા કેટલી છે? કયા માળ પર કેટલી દુકાન, કેટલા ફલેટ, ટોટલ કેટલા માળ બાંધવાની પરમિશન આપવામાં આવેલી છે? મુદ્દા .નં.૪ પ્લાન કયારે પાસ કર્યો છે? કઈ તારીખે? કયા અધિકારી ધ્વારા કરાયો? મુદ્દા નં.૫ પ્રગતિ ફોર્મમાં કરેલી વિઝિટનો રેકર્ડ ફોર્મ ની રેકર્ડ કોપી આપવી? મુદ્દા નં.૬ બી.યુ.સી. આપવામાં આવ્યું છે? મુદ્દા નં.૭ સ્લેબનો લેબ ટેસ્ટ કરાવવો ફરજીયાત છે? કઈ લેબોરેટરીમાં ?મુદ્દા નં.૮ માલિકી અલગ અલગ વ્યકિતની છે કે એક જ વ્યકિતની છે? દરેક માલિકના નામ અને સરનામા આપવા? મુદ્દાનં.૯ સદર બાંધકામ કાયદેસર બંધાયેલ છે? એવો રિપોર્ટ કરનાર અધિકારીના નામ સરનામાં અને પોસ્ટ જણાવવું?મુદ્દા નં.૧૦ આગળ પાછળ માર્જીન જગ્યા શા માટે છોડવામાં નથી આવી? મુદ્દા નં.૧૧ હાલમાં તૈયાર થતું આ બાંધકામ અગાઉ કેટલા માળનું અને કયા હેતુવાળુ હતુ તેની માહિતી આપવી. આપવામાં આવી છે ? રે.સર્વે નં., પ્લોટ નં.આપવો ? જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારની તા.૫–૧૨–૧૧ ની આઈ ડી નં. ૧૨૮૪ થી એએમઆર કોમ્પ. આર્યુવેદિક કોલ ેજની સામે સ્ટેશન રોડ તથા હનુમાનશેરી સગરામપુરા ૨/૧૪૧૯ ની બાજુમાં અને ચામુંડા રેસ્ટોરન્ટની નજીકનું બાંધકામ બાબતની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકાને સંબોધતી અરજી સેન્ટ્રલઝોનને ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ એ.એમ.આર.કોમ્પલેક્ષ, આયુર્વેદિક કોલ ેજ સામે, સ્ટેશન રોડ, સુરતવાળું નવું બાંધવામાં આવેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? રે.સર્વે નં., વોર્ડ નં., પ્લોટ નં.આપવો ? (૨) આ બાંધકામ ને કોમર્શીયલ અથવા તો રેસીડેન્સીયલ પરમીશન આપેલ છે? રેસીડેન્સીયલ કે કોમર્શીયલ બંને ભેગી હોય તો કોમર્શીયલ કેટલી દુકાન (કેટલા માળ) તથા કેટલા માળ રેસીડેન્સીયલ છે? મુદ્દાનં.૩ બંગલા,ફલેટ કે દુકાનની ટોટલ સંખ્યા કેટલી છે? કયા માળ પર કેટલી દુકાન, કેટલા ફલેટ, ટોટલ કેટલા માળ બાંધવાની પરમિશન આપવામાં આવેલી છે? મુદ્દા .નં.૪ પ્લાન કયારે પાસ કર્યો છે? કઈ તારીખે? કયા અધિકારી ધ્વારા કરાયો? મુદ્દા નં.(૫) ચાલુ બાંધકામ દરમ્યાન રોડનું ખોદાણ કરી કઈ લાઈન લેવામાં આવી હતી? રોડ બનાવવાની જીમ્મેદારી કોની બંને? મુદ્દા નં.૬ પ્રગતિ ફોર્મમાં કરેલી વિઝિટનો રેકર્ડ ફોર્મ ની રેકર્ડ કોપી આપવી? મુદ્દા નં.૭ બી.યુ.સી. આપવામાં આવ્યું છે? બીયુસી ન લેવામાં આવે તેવા સંજોગોમાં એ બાંધકામ ગર્વમેન્ટના કયા લાભ ન મળે? મુદ્દા નં.૮ ગટર તથા પાણીના કનેકશન આપવામાં આવેલ છે? મુદ્દા નં.૯ સ્લેબનો લેબ ટેસ્ટ કરાવવો ફરજીયાત છે? કઈ લેબોરેટરીમાં ? અને રીપોર્ટ શું આવ્યો? મુદ્દા નં.૧૦ માલિકી અલગ અલગ વ્યકિતની છે કે એક જ વ્યકિતની છે? દરેક માલિકના નામ અને સરનામા આપવા?મુદ્દા નં.૧૧ કામ અટકાવવામાં આવેલ છે? મુદ્દાનં.૧ ૨ સદર બાંધકામ કાયદેસર બંધાયેલ છે? એવો રિપોર્ટ કરનાર અધિકારીના નામ સરનામાં અને પોસ્ટ જણાવવું?મુદ્દા નં.૧૩ આગળ પાછળ માર્જીન જગ્યા શા માટે છોડવામાં નથી આવી? મુદ્દા નં.૧૪ હાલમાં તૈયાર થતું આ બાંધકામ અગાઉ કેટલા માળનું અને કયા હેતુવાળુ હતુ તેની માહિતી આપવી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૬૫ તા.૧૦–૧–૧૨ થી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપવાની રહેતી હોઈ, ચોકકસ મિલ્કત નંબર જણાવ્યેથી માંગ્યા મુજબની માહિતી આપી શકાય તેવું જણાવેલ છે.

ત્યાર બાદ અરજદારને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૬૧, ૧૬૫૨ તા.૪–૨–૧૨ થી બાંધકામ સ્થળે પ્ર દર્શિત ડીસ્પ્લે બોર્ડ, મનપાની વેબસાઈટ કે મહાનગરપાલિકાના સીવીક સેન્ટર કે ઝોન કચેરી ખાતેથી ઉપલબ્ધ ટી.પી. પ્રોગ્રામ હેઠળ સ્થળ, સ્થિતિ સ્પષ્ટ કરી જાહેર માહિતી અધિકારીને જણાવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૧૦–૨–૧૨ ના પત્રથી બાંધકામ સ્થળે ડીસ્પ્લે બોર્ડ મુકવામાં આવ્યા નથી મહાનગરપાલિકાના અધિકારી તરફથી સમજાવવા પ્રયત્ન કરવામાં આવેલ નથી કે લેટર લખી સ્પષ્ટતા કરવા બોલવવામાં આવેલ નથી. જે અંગે જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૫૨ તા.૭–૧–૧૨ તથા પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૬૫ તા.૧૦–૧–૧૨ થી થી તે અંગે પત્ર લખી સ્પષ્ટતા માંગેલ છે. વધુમાં અરજદારે અપીલમાં અધિકારીને સ્થળ ન મળતું હોય તો જાતે સ્થળ ઉપર બતાવવા તૈયાર છીએ તેવી રજૂઆત આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) સાથે સુસંગત નથી. વધુમાં અરજદાર ધ્વારા પણ સીટી સર્વે કચેરી કે આકારણી દફતર અથવા ટીપી યોજના દફતર ના માધ્યમો ધ્વારા માહિતી મેળવી જાહેર માહિતી અધિકારીએ આપવા પ્રયત્ન કરેલ જણાતો નથી. જાહેર માહિતી અધિકારીએ પણ અરજદારે જણાવેલ સરનામાના આધારે મિલ્કતોની આકારણી દફતરે નોંધ નંબર હોય તે પરથી મિલ્કતના પ્લોટની શકય હોય તો ઓળખ કરી માહિતી આપવા પ્રયત્ન કરી શકાય પરંતુ તેવો કોઈ પ્રયત્ન જાહેર માહિતી અધિકારી તરફથી પણ થયેલ જણાતો નથી.

અરજદારની પ્રથમ અપીલ તા. ૨૫–૧–૧૨ ધ્યાને લેતાં ૨૩–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૧૧–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૭ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૫–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી મિલ્કતની ઓળખ બાબતની વિગતો પુરી પાડયેથી માહિતી આપવા તૈયારી દર્શાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ આકારણી દફતરે ઉપલબ્ધ નોંધ નંબર કે અન્ય ઓળખની વિગત અરજદારે જણાવેલ મિલ્કતની ઓળખ સુનિશ્ચિત થઈ શકતી હોય તો તેના દફતરી રેકર્ડ પરથી નોંધ નંબર કે સર્વે સીટી નંબરો જો હોય અને તે આધારે માંગેલ માહિતી દફતરી રેકર્ડ અનુસાર આપી શકાય હોય તો દિન–૧૫ ની અવધિમાં આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) સાથે નિયત–૫ હેઠળ લાગુ કિસ્સામાં દસ્તાવેજી ફી ભરપાઈ કરવાની રીતે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અને તેમ ન થઈ શકે તેમ હોય તો જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનનો પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૪૯ તા.૭–૧–૧૨ તથા પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૬૫ તા.૧૦–૧–૧૨ ના પત્રથી અરજદારને સુચિત કરવામાં આવેલ બાબત યથાવત રહેવા પામે છે તે મતલબની વિગતો અરજદારને અત્રેની જાણ હેઠળ પુનઃ અવગત કરાવવા તથા આઈ ડી નં.૧૨૮૦ ની નહીં પૂરી પડાયેલ માહિતી દફતરી ઉપલબ્ધ વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન ) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા